રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય થઈ ગઈ, મેઘો પૂરજોશમાં

# દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદનું સંકટ

**રાજ્યના** 85 તાલુકાઓમાં વરસાદ નોંધાયો, રાજ્યના તાપમાનમાં એકસાથે 4 ડિગ્રીનો ઘટાડો

ગાંધીનગર: ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું વધુ સક્રિય બનતા દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. બુધવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 85 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો, જ્યારે આગામી 2થી 8 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી સાથે રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ વરસાદી માહોલને કારણે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ દક્ષિણ પશ્ચિમ ચોમાસું ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાતના વધુ ભાગો તેમજ દમણ અને દીવમાં આગળ વધી ચૂક્યું છે, જેના કારણે આગામી દિવસોમાં હજુ પણ ભારે વરસાદની સંભાવના છે.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ આજે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 85 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ જૂનાગઢના ભેંસાણમાં 4.21 ઈંચ વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ જૂનાગઢના માળિયા હાટીનામાં 3.58 ઈંચ, રાજકોટના લોધિકામાં 3.03 ઈંચ, છોટાઉદેપુરના કવાંટમાં 2.20 ઈંચ, અમરેલીના બગસરામાં 2.01 ઈંચ, રાજકોટના જામકંડોરણા અને અમરેલીના રાજુલામાં 1.77-1.77 ઈંચ, જૂનાગઢ અને જૂનાગઢ સિટીમાં 1.73-1.73 ઈંચ, અમરેલીમાં 1.46 ઈંચ, ગીર સોમનાથના પાટણ-વેરાવળ અને પંચમહાલના કાલોલમાં 1.42-1.42 ઈંચ, અમદાવાદના ધંધુકા, રાજકોટના ધોરાજી અને અમરેલીના કુકાવાવ-વડિયામાં 1.18-1.18 ઈંચ, જૂનાગઢના વંથલીમાં 1.14 ઈંચ, છોટાઉદેપુરના નસવાડીમાં 1.10 ઈંચ, ગીર સોમનાથના સૂત્રાપાડા અને રાજકોટના જેતપુરમાં 1.06-1.06 ઈંચ, જ્યારે છોટાઉદેપુરના સંખેડામાં 0.98 ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન 75 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં અમરેલીના સાવરકુંડલામાં 3.11 ઈંચ, ખેડાના વસોમાં 1.85 ઈંચ, ગીર સોમનાથના ઉનામાં 1.34 ઈંચ અને સુરેન્દ્રનગરના લખતરમાં આશરે 1 ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતમાં મોટાભાગના સ્થળોએ, સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં તથા ઉત્તર ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો, જ્યારે કચ્છમાં વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું. દમણમાં અતિભારે વરસાદ પડ્યો હતો, જ્યારે વલસાડ અને દમણ જિલ્લામાં અતિભારે તથા નવસારી, વલસાડ, સુરત અને અમરેલી જિલ્લામાં ભારે વરસાદ નોંધાયો હતો. આગામી બે દિવસ દરમિયાન ચોમાસું ગુજરાત સહિત ઉત્તર અને પશ્ચિમ ભારતના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. ઉત્તર બંગાળની ખાડી ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે અને તેના પ્રભાવ હેઠળ 3 જુલાઈ આસપાસ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં લો-પ્રેશર વિસ્તાર સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત દક્ષિણ ગુજરાતથી કર્ણાટક સુધી ઓફશોર ટ્રફ પણ સક્રિય છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ તેમજ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરતાં નદીકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે. સાથે જ આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

# ચંબલ ખીણના છેલ્લા ખૂંખાર ડાકુ જગન ગુર્જરની અજમેરની જેલમાં હત્યા



ચંબલ નદીનાં કોતરો કોઈ સમયે તેના ખૂંખાર ડાકુઓ માટે જાણીતાં હતાં. હવે ચંબલના મોટા ભાગના ડાકુઓ માર્યા ગયા છે કે તેમણે આત્મસમર્પણ કરી દીધું છે. ચંબલનાં કોતરોમાં એક સમયે જેની હાક વાગતી હતી તે ડાકુ જગન ગુર્જરનો જેલમાં કરુણ અંત આવ્યો છે. સોમવારે અજમેરમાં ઉચ્ચ સુરક્ષાવાળી જેલમાં વોન્ટેડ ડાકુ જગન ગુર્જરની હત્યાએ બધાને ચોંકાવી દીધા છે. ચંબલ કોતરોમાં લાંબા સમયથી સક્રિય રહેતો જગન ગુર્જર અનેક ગંભીર ગુનાઓ સાથે જોડાયેલો હતો. વર્ષ ૨૦૦૮માં ભરતપુરના ગુર્જર આંદોલન દરમિયાન જગન ગુર્જર તત્કાલીન મુખ્યમંત્રી વસુંધરા રાજેના મહેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપીને ચર્ચામાં આવ્યો હતો. બાદમાં તેણે આત્મસમર્પણ કર્યું હતું અને તેને ધોલપુર જેલમાંથી ભરતપુર સેન્ટ્રલ જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. જગન ગુર્જરને સાક્ષીઓના અભાવે ઘણા કેસોમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. જો કે, ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ધોલપુરમાં એક મહિલા પર હુમલો કરવા બદલ તેની ફરીથી ધરપકડ કરવામાં આવી હતી. એક કટ્ટર ગુનેગાર તરીકે તેને થોડા દિવસો પહેલાં ધોલપુર જેલમાંથી અજમેર હાઇ સિક્યુરિટી જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન જગનના સેલમાં રહેલા કેદી વિષ્ણુ જાટે જગનની હત્યાની કબૂલાત કરી હતી.

ચંબલના કુખ્યાત ડાકુ જગન ગુર્જરની જેલમાં થયેલી હત્યાએ માત્ર જેલ પ્રશાસનની સુરક્ષા વ્યવસ્થા પર જ પ્રશ્નો ઊભા કર્યા નથી, પરંતુ ફરી એક વાર તે ડાકુની વાર્તા પણ ચર્ચામાં લાવી છે, જેનું નામ દાયકાઓથી ત્રણ રાજ્યોના કોતરોમાં ભયનો પર્યાય હતું. હત્યાની ઘટના બાદ જગનના મૃતદેહને જિલ્લા હોસ્પિટલના શબઘરમાં મૂકવામાં આવ્યો હતો, જ્યાં તેના પરિવારનાં સભ્યોએ દિવસભર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓએ હત્યાની સીબીઆઈ તપાસ અને પરિવાર માટે સુરક્ષાની માંગણી સાથે વિરોધ ચાલુ રાખ્યો હતો. પોલીસ સાથે તેમની કેટલીક માંગણીઓ પર સંમતિ સાધ્યા બાદ તેઓ મંગળવારે સાંજે મૃતદેહ લેવા સંમત થયા હતા. જગન સામે ૩૦ ગુનાહિત કેસ નોંધાયા હતા. જગનનો ભાઈ પપ્પુ અજમેર જેલમાં બંધ છે. બીજો ભાઈ લાલ સિંહ ભરતપુર સેન્ટ્રલ જેલમાં ૧૦ વર્ષની સજા કાપી રહ્યો છે, જ્યારે પાન સિંહ ધોલપુર જેલમાં છે.

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ધોલપુર જિલ્લાના બારી પોલીસ સ્ટેશન વિસ્તારના ભવુતિપુરા ગામમાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા જગન ગુર્જરનું બાળપણ સામાન્ય હતું.જગન ગુર્જર પાછળથી ચંબલ પ્રદેશના સૌથી કુખ્યાત ડાકુઓમાંના એક બન્યો. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના ચંબલ કોતરોમાં દાયકાઓ સુધી તેનો ડર રહેતો હતો. પોલીસ અધિકારીઓ અને સ્થાનિક લોકો માને છે કે ચંબલનાં કોતરોમાં સક્રિય ડાકુઓમાં તે છેલ્લું મોટું નામ હતો. ડાકુ જગન ગુર્જરને કોતરોના રાજા તરીકે ઓળખવામાં આવે છે. તેના ડાકુ બનવા વિશે એક વાર્તા એવી છે કે ૧૯૯૪ માં જગનના સાળાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેના સાળાની હત્યાનો બદલો લેવા માટે તેણે તેના ચાર ભાઈઓ સાથે એક ગેંગ બનાવી અને ગુનાની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. જગન ગુર્જરની ગેંગે જે આતંક મચાવ્યો હતો તેનો અંદાજ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં તેની વિરુદ્ધ હત્યા, ખંડણી અને હત્યાના પ્રયાસ સહિત નોંધાયેલા ૧૦૦ થી વધુ કેસ પરથી લગાવી શકાય છે.

જગન ધોલપુર જિલ્લાના બસઈ ડાંગનો રહેવાસી છે. તેણે ત્રણ લગ્ન કર્યાં છે. તેની પહેલી પત્ની મમતા ગુર્જરે ૨૦૦૮ માં ધોલપુરની પેટાચૂંટણી લડી હતી. જગન ગુર્જરની ભૂતપૂર્વ પ્રેમિકા અને પછી પત્ની કોમેશ ગુર્જર કોતરોમાં થયેલા પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં ઘાયલ થઈ હોવાનું કહેવાય છે, પરંતુ જગને પોતાનો જીવ જોખમમાં મૂકીને તેને ધોલપુર જિલ્લાના એક નર્સિંગ હોમમાં દાખલ કરાવી હતી. પોલીસને સમાચાર મળતાં જ તેમણે તરત જ કોમેશની ધરપકડ કરી હતી અને તેને જેલમાં મોકલી દીધી હતી. આ પછી કોમેશ વગર રહી ન શકતા જગને પોલીસને તેની શરણાગતિ માટે એક શરત મૂકી કે તેને કોમેશ ગુર્જર સાથે કેદ કરવામાં આવે. કોમેશ ગુર્જર બદલો લેવા માટે ડાકુ બની હોવાનું કહેવાય છે. કોમેશ ગુર્જર બાળપણથી જ જગનને ઓળખતી હતી. એવું કહેવાય છે કે જગન વારંવાર કોમેશના ઘરે જતો હતો અને તે તેના પ્રેમમાં પડી ગઈ હતી.

કોમેશ ગુર્જરનો જન્મ ૧૯૮૬માં ધોલપુર જિલ્લાના નાગર ગામના ચિત્રિયા ગુર્જરને ત્યાં થયો હતો. પિતાની હત્યાનો બદલો લેવા માટે તેણીએ ચંબલની કોતરોમાં પ્રવેશ કર્યો અને જગન ગુર્જરની ગેંગમાં જોડાઈ હતી. ૨૦૦૦ ની આસપાસ જ્યારે કોમેશ ગુર્જર ગર્ભવતી થઈ અને બાળજન્મ દરમિયાન તેની તબિયત બગડી ત્યારે તે જંગલોમાં ઊંટ પર એકલી હિંડૌન ગઈ હતી. કોમેશે હિંડૌનના એક નર્સિંગ હોમમાં તેનાં પહેલા બાળકને જન્મ આપ્યો હતો. થોડા દિવસો પછી ડાકુ જગન અને તેના સાથીઓની મદદથી ડાકુ સુંદરી કોમેશ તેના બાળકને ઊંટ પર લઈને કોતરોમાં પાછી ફરી. જૂન ૨૦૧૦ માં તેની પુત્રીના લગ્નમાં જગન ગુર્જરે ગુનાની દુનિયાથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી. માર્ચ ૨૦૧૭ માં, જગન ગુર્જર જેલમાંથી મુક્ત થયો અને તેણે ધોલપુર વિધાનસભા ચૂંટણીમાં તેની પત્ની મમતાને સ્વતંત્ર ઉમેદવાર તરીકે મેદાનમાં ઊતારી. ધોલપુરમાં પોલીસ અધિક્ષક રહેલા એક અધિકારીએ જણાવ્યું કે અમે જગનને પકડવા માટે ઘણી વખત કોતરોમાં દરોડા પાડ્યા અને ઘણી વખત એન્કાઉન્ટર થયા, પરંતુ તેને ચંબલનાં કોતરો અને ત્રણ રાજ્યોની સરહદોની ભૌગોલિક પરિસ્થિતિનું સારું જ્ઞાન હતું અને તે ઘણી વાર આનો લાભ લેતો હતો. જગન ગુર્જરે ચાર વખત આત્મસમર્પણ કર્યું હતું. જામીન પર બહાર આવ્યા પછી તે ઘણી મોટી ઘટનાઓને અંજામ આપતો રહ્યો હતો. જગન ગુર્જરનો ડર એટલો બધો હતો કે તેની વિરુદ્ધ જુબાની આપવા માટે કોઈ આગળ આવ્યું નહીં. આ કારણે તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.

૨૦૧૯ માં બારી શહેરમાં એક દુકાનદાર સાથેના વિવાદ બાદ તેણે બંદૂકની અણીએ મુખ્ય બજાર બંધ કરાવી અને ગોળીબાર કર્યા બાદ તે ચર્ચામાં આવ્યો હતો. બારીના તત્કાલીન કોંગ્રેસના ધારાસભ્ય ગિરિરાજ મલિંગાએ જણાવ્યું હતું કે મેં તે સમયે આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, ત્યાર બાદ જગન ગુર્જરે મને પણ ધમકી આપી હતી. ૨૦૧૯ માં જામીન પર મુક્ત થયેલા જગન ગુર્જર પર બે મહિલાઓનાં કપડાં ઉતારીને તેમને ગામમાં ફેરવવાનો આરોપ હતો. આ કેસ રાષ્ટ્રીય હેડલાઇન્સમાં આવ્યા પછી તે ફરીથી સમાચારમાં આવ્યો હતો. જામીન પર બહાર આવ્યા પછી પણ તે ગુનાહિત ઘટનાઓમાં સામેલ રહ્યો હોય તેવા ઘણા રેકોર્ડ છે.

ડાકુ જગન ગુર્જર ગેંગે ૨૦ વર્ષ સુધી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં આતંક મચાવ્યો હતો. ગુર્જર અનામત આંદોલન દરમિયાન જગન ગુર્જરે ગુર્જર સમુદાયને ખુલ્લેઆમ ટેકો આપ્યો હતો અને વસુંધરા રાજે જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમના બંગલાને ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ પછી, પોલીસે જગન ગુર્જર પરનું ઇનામ વધારીને ૧૧ લાખ રૂપિયા કર્યું અને તેને પકડવાના પ્રયાસો તેજ કર્યા હતા. વધતા પોલીસ દબાણ હેઠળ જગને ૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ કૈમારી ગામમાં કોંગ્રેસના નેતા સચિન પાયલટની હાજરીમાં ૨૫ સભ્યો સાથે આત્મસમર્પણ કર્યું હતું. ૨૦૨૨ માં બારી વિધાનસભા મતવિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય ગિરિરાજ મલિંગાને ધમકી આપ્યા બાદ જગન ગુર્જર ફરીથી હેડલાઇન્સમાં આવ્યો હતો. પોલીસે તેની ધરપકડ માટે પચાસ હજાર રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. જ્યારે તેને પકડવા માટે દબાણ વધ્યું ત્યારે તેણે ૭ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ કરૌલી પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

ડાકુ જગન ગુર્જરની હત્યાનો આરોપી વિષ્ણુ જાટ નાની-મોટી ચોરીઓ કરતો હતો. ચોરીના કેસમાં તે સીવર સેન્ટ્રલ જેલમાં કેદ હતો અને ત્યાં તે ગેંગસ્ટર પંકજને મળ્યો હતો. જેલમાં તેણે ગેંગસ્ટર કુલદીપ જઘીનાની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. જેલમાંથી છૂટ્યા પછી તેણે ગેંગસ્ટર કુલદીપ જઘીનાની હત્યા કરી હતી, જેનાથી તે ચર્ચામાં આવ્યો હતો. પોલીસે વિષ્ણુને જેલમાં મોકલી દીધો ત્યારથી તે જેલમાં છે. પોલીસના રેકોર્ડ મુજબ વિષ્ણુ સામે બાઇક ચોરી સહિત છ ગુનાહિત કેસ નોંધાયેલા છે. તે ગુનાહિત પૃષ્ઠભૂમિમાંથી આવતો નથી. વિષ્ણુના પરિવારની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી છે. તેનાં માતાપિતા અને ભાઈ મજૂરી કામ કરે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**પોલીસે તેની ધરપકડ માટે પચાસ હજાર રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. જ્યારે તેને પકડવા માટે દબાણ વધ્યું ત્યારે તેણે ૭ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું**

# બિનખેતી જમીનના પ્રોપર્ટી કાર્ડ બનશે, નમૂના નં.7 બંધ કરાશે

**રાજ્યમાં** મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય, પહેલા પ્રોપર્ટી કાર્ડનું નમૂના નં.7 સાથે મેપિંગ કરાશે અને બાદમાં તેને બંધ કરવાનો નિર્ણય કરાશે

ગાંધીનગર: રાજ્યમાં બિનખેતી થયેલી જમીનોના મહેસૂલી રેકોર્ડ્સને વધુ સુવ્યવસ્થિત, પારદર્શક અને ડુપ્લિકેશન રહિત બનાવવા માટે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા એક મહત્વનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગના પરિપત્ર મુજબ ,હવેથી બિનખેતી થયેલા સર્વે નંબરના ગામ નમૂના નંબર-૭ ના આધારે પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવશે તેમજ બનેલા પ્રોપર્ટી કાર્ડનું ગા.ન.નં.-૭ સાથે મેપિંગ કરીને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ગામ નમૂના નંબર-૭ ને સત્તાવાર રીતે બંધ કરવામાં આવશે અને પ્રોપર્ટી કાર્ડને સંપૂર્ણપણે અદ્યતન (Update) કરવામાં આવશે. મહેસૂલ વિભાગના નાયબ સચિવ (સ્ટેમ્પ) ડી. બી. નિમાવતની સહીથી જારી કરાયેલા આ આદેશથી જમીન સંપાદન અને રેકોર્ડ મેનેજમેન્ટની પ્રક્રિયા વધુ સચોટ બનશે.

આ નવી નીતિ હેઠળ કામગીરીને સરળતાથી પૂર્ણ કરવા માટે મુખ્યત્વે ત્રણ પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં પ્રથમ પ્રકાર હેઠળ, જો બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ ચાલુ હોય અને પ્રોપર્ટી કાર્ડ પણ બનેલું હોય, તો બંનેનું મેપિંગ કરી ક્ષેત્રફળ વેરિફાય કર્યા બાદ સક્ષમ સત્તાધિકારીની મંજૂરીથી ગા.ન.નં.-૭ બંધ કરીને ફેરફાર નોંધ દાખલ કરવામાં આવશે. આ પ્રક્રિયામાં વન ટુ વન પ્રોપર્ટી કાર્ડ, રી-સર્વેમાં વધ-ઘટના કિસ્સા તેમજ ટી.પી. સ્કીમના આખરી પ્લોટ સહિતના ૪ અલગ-અલગ પ્રકારના કિસ્સાઓ ધ્યાને લેવાશે. બીજા પ્રકાર હેઠળ, જ્યાં ગા.ન.નં.-૭ ના આધારે નવું પ્રોપર્ટી કાર્ડ બનાવવાનું બાકી હોય, ત્યાં CSIS સોફ્ટવેરમાં "VF-7 ડેટા આધારે નવા પ્રોપર્ટીકાર્ડ બનાવવા" મોડ્યુલ હેઠળ ડેટા એન્ટ્રી કરી, ક્ષેત્રફળની ચકાસણી કરીને નવું પ્રોપર્ટી કાર્ડ બનાવી મેપિંગ કરવાની સઘન કાર્યવાહી હાથ ધરાશે. જ્યારે ત્રીજા પ્રકાર હેઠળ, જે કિસ્સાઓમાં ગા.ન.નં.-૭ અગાઉથી બંધ હોય અને પ્રોપર્ટી કાર્ડ બનેલ હોય પરંતુ તે અદ્યતન ન હોય, તો ધારણકર્તાના નામ કે અન્ય હક્કની વિગતો સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા ઈન્સ્પેક્ટર લેન્ડ રેકોર્ડ્સના હુકમથી અપડેટ કરવામાં આવશે. પ્લોટવાઈઝ કે બહુમાળી મિલકતોના કિસ્સામાં લે-આઉટ પ્લાન મુજબ આખરી ક્ષેત્રફળ ગણવાનું રહેશે. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નાગરિકોની સુવિધા માટે બંધ થયેલા રેકોર્ડની પારદર્શિતા જળવાઈ રહેશે. સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂર કરાયેલી આ વિગતો AnyROR પોર્ટલ પર ઉપલબ્ધ કરાવાશે, જ્યાં જઈને નાગરિકો "બિનખેતી હુકમથી બંધ થયેલ સર્વે નંબરની વિગતો જાણવા" ના ઓપ્શન હેઠળ જીલ્લો, સિટી સર્વે કચેરી, વોર્ડ, શીટ નંબર અને ક્ષેત્રફળ જેવી તમામ માહિતી ઓનલાઈન જોઈ શકશે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી પ્રોપર્ટી કાર્ડ ડુપ્લિકેશનના પ્રશ્નો હલ થશે.

## UPSCની તૈયારી કરતા ઉમેદવારોને સરકાર મહિને 4 હજારની સહાય આપશે

ગાંધીનગર: ગુજરાત સરકાર દ્વારા સંઘ લોક સેવા આયોગ (UPSC)ની સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી કરતા રાજ્યના ઉમેદવારો માટે સ્ટાઈપેન્ડ અને પ્રોત્સાહક સહાયમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે જાહેર કરેલા પરિપત્ર મુજબ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સ્ટાઈપેન્ડ તેમજ વિવિધ તબક્કે મળતી પ્રોત્સાહક સહાયમાં વધારો કરવામાં આવ્યો છે.

સામાન્ય વહીવટ વિભાગે જાહેર કરેલા પરિપત્ર મુજબમાં જણાવ્યા પ્રમાણે નવી જોગવાઈ મુજબ અમદાવાદ સ્થિત સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) માં UPSC પ્રિલિમ પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને વધુમાં વધુ સાત મહિના અથવા પ્રિલિમ પરીક્ષા યોજાય ત્યાં સુધી દર મહિને રૂ. 4,000નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. પ્રિલિમ પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોમાં યુવકોને રૂ. 35 હજાર અને યુવતીઓને રૂ. 50 હજારની સહાય આપવામાં આવશે. જ્યારે મુખ્ય પરીક્ષા (મેઈન્સ) પાસ કરનારા યુવકોને રૂ. 45 હજાર અને યુવતીઓને રૂ. 55 હજારની પ્રોત્સાહક સહાય મળશે.

# BUSINESS મિત્ર

બીજા ક્વાર્ટરમાં પોઝિટિવ સ્ટાર્ટ : રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2.5 લાખ કરોડનો વધારો

## નિફ્ટી 24,000 પાર, સેન્સેક્સ 444 પોઇન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 1:** નાણાકીય વર્ષ 2027ના બીજા ક્વાર્ટરમાં ભારતીય શેરબજાર પોઝિટિવ જોવાયું હતું. બે દિવસના ઘટાડા બાદ આજે જુલાઇ સીરિઝનાના પ્રથમ સપ્તાહમાં સેન્સેકસ વધ્યો હતો, જેમાં ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 600 પોઇન્ટથી ઉછળ્યો હતો. જ્યારે નિફ્ટી 24000ની સપાટી કુદાવી હતી. બ્રોડર લેવલ પર સારૂં વાતાવરણ જોવાયું હતું.

ભારતનો એચએસબીસી મેન્યુફેકચરીંગ પીએમઆઇ મે મહિનામાં 55થી ઘટીને જુનમાં 54.2 થયો છે. આમ, મેન્યુફેકચરીંગ પીએમઆઇ ઘટ્યો હતો. સેકટર વાઇઝ જોઇએ તો ઓટો, એફએમસીજી અને રિયલ્ટી સેકટરનો ટેકો મળ્યો હતો. નિફ્ટી રિયલ્ટીમાં 3 ટકાથી વધુ, નિફ્ટી એફએમસીજીમાં 2 ટકાથી વધુ અને નિફ્ટી ઓટોમાં એક ટકાથી વધુનો ઉચાળો જોવા મળ્યો છે. જોકે, આઇટી સેકટરે બજાર પર દબાણ લાવવા માટે સખત પ્રયાસ કર્યો હતો. જેના લીધે બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં રૂ. અઢી લાખ કરોડથી વધુનો વધારો થયો છે. જેના લીધે માર્કેટ કેપ રૂ. 476 લાખ કરોડ પર પહોંચ્યો છે.

બીએસઇ સેન્સેકસ 443.97 પોઇન્ટ એટલે કે 0.58 ટકા વધીને 76922.64 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 777110 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76538 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 140.10 પોઇન્ટ એટલે કે 0.59 ટકા વધીને 24000 પોઇન્ટની સપાટી કુદાવીને 24005.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24049 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23895 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 490.15 પોઇન્ટ એટલે કે 0.85 ટકા વધીને 58000 પોઇન્ટની સપાટી કુદાવીને 58033.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે રાઇટસ લિ.માં 26.29 ગણા, જયુબીલન્ટ ઈન્ગ્રીવામાં 16.49 ગણા, આરએચઆઇ મેગ્નેસીતામાં 14.71 ગણા, કપીટ ટેકનોમાં 13 ગણા અને ડીસીએમ શ્રીરામમાં 11.61 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે રાઇટસ લિ.માં 176.89 ગણા, આરએચઆઇ મેગ્નેસીતામાં 56.69 ગણા, , કપીટ ટેકનોમાં 11.56 ગણા, રિલાયન્સ પાવરમાં 9.48 ગણા અને ડીસીએમ શ્રીરામમાં 9.32 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. ફ્રન્ટલાઇન ઈન્ડેક્સ નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.29 ટકા સુધારો જોવાયો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.19 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા છે. બીએસઇ ખાતે 2273 શેરો વધ્યા હતા, જ્યારે 1998 શેરો ઘટ્યા હતા, જ્યારે 189 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3.58 ટકા વધ્યા છે. જેમાં એબી રિયલ એસ્ટેટ, ડીએલએફ, ગોદરેજ પ્રોપર્ટીઝ, પ્રેસ્ટીજ એસ્ટેટ પ્રોજેક્ટસ, લોઢા ડેવલપર્સ, ફોનિક્સ મીલ્સ, શોભા અને ઓબેરોય રિયલ્ટી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર્સ 105 પોઇન્ટ વધતા યુએસ બજાર સકારાત્મક ખુલવાના સંકેત છે. જ્યારે યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ છે, કારણ કે રોકાણકારો યુરોઝોનના મુખ્ય ફુગાવાના ડેટા અને વૈશ્વિક મધ્યસ્થ બેન્કનાવડાઓને દર્શાવતી નજીકથી જોવામાં આવેલી પેનલ ચર્ચાની રાહ જોઇ રહ્યા હતા. યુએસ-ઈરાન વાટાઘાટોની આસપાસની અનિશ્ચિતતા વચ્ચે નવા ક્વાર્ટરની શરૂઆતમાં રોકાણકારો સાવચેત હોવાથી એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. યુએસના મુખ્ય આર્થિક ડેટાની અપેક્ષા દ્વારા બજારની ભાવના પણ હળવી થઇ હતી, જોકે આગામી કમાણીની મોસમ પરના આશાવાદે નુકશાનને મર્યાદિત કરવામાં મદદ કરી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.37 ટકા અને કેક 0.60 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.40 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.92 ટકા, તાઇવાન 1.90 ટકા, જકાર્તા 0.91 ટકા અને શાંઘાઇ 0.44 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.18 ટકા, હેંગસેંગ 0.64 ટકા, કોસ્પી 2.08 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો તૂટીને ફરીથી 95ને પાર નીકળી ગયો

કરન્સી બજારમાં આજે ડોલરમાં વધુ મજબૂતાઇ જોવા મળી હતી. રૂપિયો ફરીથી તૂટીને 95ને સ્તરને કુદાવી દીધી હતી. આજે ડોલરની સામે રૂપિયો 57 પૈસા તુટીને 95.24ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલનરી સામે રૂપિયો 94.67ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.23, પાઉન્ડ 125.32, કેનેડિયન ડોલર 67.07, ઓસ્ટ્રેલિયન ડોલર 65.72, જાપાનીઝ યેન 0.5855 અને સીંગાપોર ડોલર 73.26ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.25 રૂ. |
| યુરો | 108.23 રૂ. |
| પાઉન્ડ | 127.00 રૂ. |
| યેન | 0.5855 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 443.97 | 76922.64 |
| નિફ્ટી | 140.10 | 24005.85 |
| બેન્ક નિફ્ટી | 490.15 | 58032.05 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 5.71 | 279.70 |
| અદાણી એન્ટર | 3.54 | 3143.60 |
| નેસલે ઇન્ડિયા | 3.46 | 1453.80 |
| એશિયન પેઇન્ટસ | 3.06 | 2716.40 |
| એચયુએલ | 3.01 | 2182.00 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 3.51 | 1034.20 |
| ટેક મહિન્દ્રા | 3.03 | 1362.20 |
| ટીસીએસ | 2.41 | 1982.60 |
| હિન્દાલ્કો | 1.77 | 939.70 |
| ટાટા સ્ટીલ | 1.54 | 185.17 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 5.71 | 279.75 |
| એશિયન પેઇન્ટસ | 3.13 | 2720.00 |
| એચયુએલ | 3.02 | 2182.95 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.05 | 3133.00 |
| અદાણી પોર્ટસ | 1.96 | 1845.65 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 3.46 | 1034.90 |
| ટેક મહિન્દ્રા | 3.22 | 1360.00 |
| ટીસીએસ | 2.55 | 1982.20 |
| ટાટા સ્ટીલ | 1.59 | 185.15 |
| ઇન્ફોસીસ | 1.51 | 985.45 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૦૦૦ |
| તેજાબી સોનું | ૧૪૫૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૭૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૦૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૨૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૪૧૦૦ |

# MSME માટે સરકારનું મોટું કવચ: ECLGS હેઠળ 1 લાખ કરોડનું ધિરાણ

**પશ્ચિમ** એશિયાના તણાવથી નિકાસ અને રોકડ પ્રવાહને થયેલા નુકસાન સામે ઉદ્યોગોને મળ્યો લિક્વિડિટીનો બૂસ્ટર ડોઝ

નવી દિલ્હી, તા. 1: કેન્દ્ર સરકારે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ 5.0 દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો અને અન્ય ઉદ્યોગોને મધ્ય પૂર્વના સંકટથી થયેલા નુકસાનમાંથી બહાર આવવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું વિતરણ કર્યું છે.

સીઆઈઆઈના એક કાર્યક્રમમાં બોલતા ભરત ખેરાએ કહ્યું, એમએસએમઈને મુશ્કેલ સમયમાં બિનજરૂરી રીતે નુકસાન ન થાય. ખેરાએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની કટોકટીએ કેટલાક નિકાસ માલ અને રોકડ પ્રવાહને અસર કરી છે, ત્યારે સરકારે એમએસએમઈને લિક્વિડિટી અને વર્કિંગ કેપિટલ પડકારોનો સામનો કરવામાં મદદ કરવા માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ શરૂ કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારે કટોકટીના કારણે ઉભી થયેલી લોજિસ્ટિક સમસ્યાઓનું સમાધાન કરવા માટે આવક અને જહાજ વિભાગના અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી છે. હું માનું છું કે અમારો ઉદ્યોગ પ્રકૃતિથી ખૂબ જ મજબૂત છે અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સક્ષમ છે. કોવિડ-19નો સમય હોય કે પશ્ચિમ એશિયામાં તાજેતરની કટોકટી, તેણે પોતાને સુધારવા અને વૈકલ્પિક સ્ત્રોતો શોધવાના માર્ગો શોધી કાઢ્યા છે. સપ્લાય ચેઈનમાં આ વિક્ષેપોમાંથી શીખીને આપણું એમએસએમઈ ક્ષેત્ર વધુ મજબૂત બન્યું છે, મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સક્ષમ બન્યું છે.

મીડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ટૂંકા ગાળાની પ્રવાહિતાની સમસ્યાઓનો સામનો કરી રહેલા વ્યવસાયોને ટેકો આપવા માટે 5 મેના રોજ કેબિનેટ દ્વારા ECLGS 5.0ને મંજૂરી આપવામાં આવી હતી. આ યોજનાનો હેતુ એરલાઈન સેક્ટર માટે નિર્ધારિત 5,000 કરોડ રૂપિયા સહિત 2.55 લાખ કરોડ રૂપિયા સુધીનો વધારાનો ધિરાણ પ્રવાહ પ્રદાન કરવાનો છે.

આ યોજના હેઠળ, સરકાર નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ દ્વારા ધિરાણ આપતી સંસ્થાઓને પાત્ર ધિરાણ લેનારાઓને આપવામાં આવતી લોન માટે એમએસએમઈને 100 ટકા અને બિન-એમએસએમઈને 90 ટકા ક્રેડિટ ગેરંટી કવર પ્રદાન કરે છે. સંકટના સમયમાં કોઈ પણ વ્યક્તિની નોકરી ન જાય તે માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

# FIIsની ભારતમાં ધમાકેદાર વાપસીના સંકેત

**બ્લેકરોક** ઇન્વેસ્ટમેન્ટની મોટી ભવિષ્યવાણી

નવી દિલ્હી, તા. 1: વિદેશી રોકાણકારો ટુંકસમયમાં ભારતીય શેરબજારમાં પાછા આવી શકે છે એવે અંદાજ બ્લેકરોક ઈન્વેસ્ટમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા કરવામાં આવ્યો છે. સંસ્થાના ચીફ એપીએસી અને મિડલ ઈસ્ટ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ બેન પોવેલે જણાવ્યું હતું કે, ઉર્જાના ભાવમાં નરમાશ અને ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓમાં સુધારો થવાથી વૈશ્વિક રોકાણકારોની ફાળવણીમાં ફેરફાર થઇ રહ્યો છે. ભારતને આનો લાભ મળી શકે છે.

પોવેલે કહ્યું કે આગામી અઠવાડિયા અને મહિનાઓમાં ભારતમાં નવું વિદેશી રોકાણ આવી શકે છે. આનું કારણ છે કે તાઈવાન અને દક્ષિણ કોરિયા જેવા એઆઈ લિંક્ડ શેરબજારોમાં જબરદસ્ત રેલી પછી, વૈશ્વિક રોકાણકારો તેમના પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરી રહ્યા છે. બ્લેકરોક હજુય પણ કુત્રિમ બુદ્ધિ વિશે હકારાત્મક છે, પરંતુ અન્યત્ર તકોની શોધમાં, તે મુલ્યાંકન માટે પસંદગીયુક્ત અભિગમ અપનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે, અમને લાગે છે કે આગામી અઠવાડિયા અને મહિનાઓમાં ભારતને આનો ફાયદો થશે. તેમનું માનવું છે કે, છેલ્લા કેટલાક મહિનામાં ભારતે ત્રણ પ્રકારના દબાણનો સામનો કરવો પડ્યો છે. આમાંનું પ્રથમ ઉચ્ચ મૂલ્યાંકન છે. બીજું, મીડલ ઈસ્ટમાં તણાવને કારણે ઊર્જાના ભાવમાં વધારો થયો છે. ત્રીજું, એવી ધારણા છે કે ભારતીય બજાર એઆઈમાં રોકાણ માટેનું પ્રાથમિક બજાર નથી.

પોવેલે કહ્યું કે એઆઈની સુપર બૂમ વાસ્તવિક છે. તે આગળ વધી રહ્યું છે. પરંતુ, અમે રોકાણની દ્રષ્ટિએ પસંદગીયુક્ત અને કાળજી લેવા માંગીએ છીએ.